જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૬/૨૦૧૬ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૦૯૨/૧૬**

### ચોરીનાં ત્રણ વાહનો સાથે એક આરોપીનેપકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમબ્રાન્ચ.

અમદાવાદ શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં વાહનચોરીના અસંખ્ય બનાવો બનતા હોય આ વાહન ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલવા સારું ઉપરી અધિકારી શ્રીઓએ સુચનાઓ આપેલ હોય જે સુચના આધારે નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમબ્રાન્ચ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમબ્રાન્ચ, અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ ક્રાઇમબ્રાન્ચના એન્ટી પ્રોપર્ટી સ્કોડના પો.સ.ઇ. શ્રી આર.એસ.સુવેરા તથા પો.સ.ઈ. શ્રી એ.વાય.બલોચ નાઓ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના હે.કો.રાજેન્દ્રકુમાર જીવરામભાઇ તથા પો.કો. ધીરજકુમાર લક્ષ્મણભાઇ નાઓને ખાનગી રાહે મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે દાણીલીમડા રસ્તા ખાતે વોચ ગોઠવી એક આરોપી નામે વિમલસિંહ બલવીરસિંહ ચૌહાણ ઉવ.૨૩ રહે.મ.નં.૫, સતાધાર સોસાયટી, શંકર ભગવાનના મંદિર પાસે, ઇસનપુર, અમદાવાદ શહેર મુ.ગામ:દોનપુર,તા.કરેલ પોસ્ટ:પતારા થાના: કુરા, જી.મૈનપુરી, ઉતરપ્રદેશનાને પકડી પાડી તેની પાસેથી ચોરીનાં કુલ-૩ વાહનો જેમાં (૧) હોન્ડા એવીએટર નંબર GJ 25 E 6568 કિં.રૂ.૨૦,૦૦૦/- (૨) હીરો ડીલક્ષ મોટર સાયકલ નં.GJ01 SK 8817 કિં.રુ. ૩૦,૦૦૦/- (૩) હોન્ડા એક્ટીવા નંબર GJ 01 MD 7436 નું કિં.રુ.૨૦,૦૦૦/-ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી પાડેલ છે.

મજકુર ઈસમની પુછપરછ કરતાં તેણે આ મોટર સાયકલો અમદાવાદ શહેરના નારણપુરા, વાડજ તથાશહેરકોટડા વિસ્તારમાંથી ડુપ્લીકેટ ચાવીથી લોક ખોલી ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે. જે અંગે તપાસ કરતાં

(૧) વાડજ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૧૨૯/૧૬ ઈ.પી.કો.કમલ ૩૭૯

(૨) નારણપુરા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૩૩/૧૬ ઈ.પી.કો.કમલ ૩૭૯

(૩) શહેરકોટડા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૬૨/૧૬ ઈ.પી.કો.કમલ ૩૭૯ મુજબના ગુનાઓ દાખલ થયેલ છે. જેથી વાહનચોરીના કુલ-૩ ગુનાઓનો ભેદ ઉકેલી ત્રણેય પોલીસ સ્ટેશનોમાં આરોપી તથા મુદ્દામાલ સોંપવા તજવીજ કરવામાં આવેલ છે.

આ આરોપીનો પુર્વ ઈતિહાસ જોતાં તેઉત્તરપ્રદેશ, મેનપુરીનો વતની છે અને અમદાવાદમાં પંદરેક વર્ષથી રહે છે. અને તે અભણ હોય મોજશોખ ખાતર તેણે આ વાહનો ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે. આ આરોપીએ આ સિવાય પણ બીજા વાહનચોરીના ગુનાઓ આચરેલ છે કે કેમ? તેમજ તેની પાસે બીજાં કોઈ ચોરીનાં વાહનો છે કે કેમ? તથા તેની સાથે આ વાહનચોરીઓ કરવામાં બીજા કોઈ આરોપીઓ સંડોવાયેલ છે કે કેમ? તે બાબતે સદરી આરોપીની સઘન પુછપરછ તપાસ ચાલું હોય જેથી બીજા પણ વાહનચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી સંભાવના છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

હત્યા, લુંટ, અપહરણ, મારામારી જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલ માથાભારે આરોપી મોહંમદહુસેન ઉર્ફે ટેમ્પાને ઘાતક હથિયારો પિસ્ટલ, તમંચો, તલવાર, ધારદાર છરીઓ સાથે પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમબ્રાન્ચ.

અમદાવાદ શહેરમાં લુંટ તથા ફાયરીંગના બનાવો બનવા પામેલ હોય તે બાબતની ગંભીર નોંધ લઈ આવા પ્રકારના ગુનાઓ કરતી ગેંગના સુત્રધારોને ઝડપી લેવા તેમજ ગેરકાયદેસર હથિયારો શોધી આવા ગંભીર પ્રકારના ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂં પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર તથા શ્રી જે.કે.ભટ્ટ, સંયુક્ત પોલીસ કમિશ્નર, ક્રાઈમબ્રાન્ચ નાઓએ સુચના આપેલ હોય જે સુચના આધારે શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઇમબ્રાન્ચ તથા શ્રી આર.બી.પટેલ, મદદનીશ પોલીસ કમિશ્નર, ક્રાઇમબ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ ક્રાઇમબ્રાન્ચના એન્ટી પ્રોપર્ટી સ્કોડના પો.સ.ઇ. શ્રી આર.એસ.સુવેરા તથા પો.સ.ઈ. શ્રી એ.વાય.બલોચ નાઓ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.સ.ઇ શ્રી એ.વાય.બલોચ સાહેબને ખાનગી રાહે મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે તેમની ટીમના માણસો સાથે નારોલ સર્કલ ખાતે વોચ ગોઠવી અગાઉ મર્ડર, અપહરણ, આંગડીયા લુંટ, મારામારી તથા ઘરફોડ ચોરીઓ જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલ માથાભારે આરોપી મોહંમદહુસેન ઉર્ફે ટેમ્પો મુન્નાભાઈ શેખ ઉ.વ.૪૫ રહે.૬/૧૨૨, પરીક્ષિતલાલ નગર, બહેરામપુરા, દાણીલીમડા, અમદાવાદ શહેર નાને એક સફેદ કલરની નંબર વગરની સ્વીફટ ગાડી સાથે પકડી પાડી તેની પાસેથી પિસ્ટલ-૧, દેશી બનાવટનો તમંચો-૧, કાર્ટિઝ-૪, ગુપ્તી-૧, દાતરડુ-૧ તથા ધારદાર છરીઓ-૨ મળી કુલ કિં.રુ.૫,૧૨,૯૦૦/-ની મત્તાનો મુદામાલ રિકવર કરેલ છે. જેથી આ ઘાતક હથિયારો વડે આ આરોપી કોઈ ગંભીર ગુનાને અંજામ આપે તે પહેલાં તેને પકડી પાડવામાં ક્રાઈમ બ્રાન્ચને ખુબ જ મોટી સફળતા સોંપડેલ છે.

સદર આરોપી પાસેથી મળી આવેલ આ હથિયારો બાબતે તેની સઘન પુછપરછ કરતાં સેટેલાઈટ વિસ્તારમાં રહેતા તેના મિત્રો વિજય ભરતભાઇ પરમાર, આકાશ ભરતભાઇ પરમાર તથા કમલેશ @ કમલ ભરતભાઇ પરમાર નાઓને છેલ્લા ઘણા સમયથી રબારીઓ સાથે જુની અદાવત ચાલતી હોય અને તેઓ એકબીજા પર હુમલા કરતા હોય તેઓએ મુન્ના બજરંગીની ગેંગના માણસો મારફતે વસ્ત્રાપુર વિસ્તારમાં તા.૧૭/૦૫/૨૦૧૬ ના રોજ રાત્રિના બાબુ લીલાભાઈ દેસાઈ ઉપર ફાયરીંગ કરાવેલ જેથી રબારીઓ તેઓ પર વળતો હુમલો કરે કરાવે તેવો સંભવ હોય તેઓના મિત્રોએ સ્વ.બચાવ માટે આ હથિયારો ગાડીમાં રાખેલ હતાં અને ફાયરીંગ કર્યા બાદ પોલીસ કેસ થતાં પોલીસના હાથે પકડાઈ જવાની બીકથી પોતાના ત્રણેય મિત્રો આ સ્વીફ્ટ ગાડી તથા હથિયારો પોતાને સોંપી ગયેલ હોવાની કેફીયત રજુ કરેલ છે.

## આરોપીનો ગુનાહિત ઈતિહાસ

આ આરોપીનો ભુતકાળ જોતાં તે ગુનાહિત ઈતિહાસ તથા ગુનાહિત માનસ ધરાવે છે. તેના વિરુધ્ધ અમદાવાદ શહેર તથા અન્ય પોલીસ સ્ટેશનોમાં હત્યા, લુંટ, અપહરણ, ચોરી, તથા હથિયાર ધારા સહિતના ૨૫ જેટલા ગંભીર ગુનાઓ નોંધાયેલ છે. અને તે અગાઉ પાસા હેઠળ પણ સજા કાપી ચુકેલ છે. જે ગુનાઓ નીચે મુજબ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

(૧) કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરીના- ૫

(૨) કાલુપુર પોલીસ સ્ટેશનમાં લુંટ-૧

(૩) કારંજ પોલીસ સ્ટેશનમાં આંગડીયા લુંટ વીથ મર્ડર- ૧

(૪) દાણીલીમડા પો.સ્ટે.માં લુંટ તથા ૩૦૭ તેમજ મારામારીના ગુના-૨, ધાડ લુંટ કરવાના ઈરાદે હથિયારો સાથે મળી આવેલ હોય જે ગુનો-૧

(૫) સાણંદ પો.સ્ટે. માં અપહરણનો ગુનો-૧

(૬) આણંદ પો.સ્ટે.માં મર્ડરનો ગુનો-૧

(૭) બાપુનગરમાં વાહનચોરી-૧, લુંટ-૧

(૮) ક્રાઈમબ્રાન્ચમાં હથિયારના ગુના-૩

(૯) ક્રાઈમબ્રાન્ચમાં ૩૦૭ નો ગુનો-૧

(૧૦) વટવા પોલીસ સ્ટેશન અપહરણનો ગુનો-૧

(૧૧) ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ઘરફોડચોરી-૧, લુંટ-૧

(૧૨) ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ચોરીના ગુના-૨

(૧૩) સને ૧૯૯૫ માં ભરુચમાં પેટ્રોલપંપ ઉપર તથા વડોદરા ખાતે લુંટના ગુના-૨

તેમજ સને ૧૯૯૫ માં આ આરોપીને ક્રાઈમબ્રાન્ચ પોલીસ બાતમી આધારે પકડવા માટે ગયેલ ત્યારે પોલીસ સાથે મુઠભેડ થયેલી અને તેણે તેના સાગરિતો સાથે પોલીસ પર રિવોલ્વર તથા ઘાતક હથિયાર વડે હુમલો કરેલ. તેમ છતાં ક્રાઈમબ્રાન્ચ પોલીસે તેને તેના સાગરિતો સાથે પકડી લીધેલ અને આ ગુનામાં તે પોલીસના હાથે ઝડપાઈ જતાં તેની વિરુધ્ધ ક્રાઈમબ્રાન્ચમાં ૩૦૭ નો ગુનો દાખલ થયેલ અને આ કેસમાં તેને સાડા અગિયાર વર્ષની સજા થતાં તેટલો સમય જેલમાં રહેલ છે.

આ આરોપી પાસેથી મળી આવેલ આ હથિયારોમાં બીજા કોઈ આરોપીઓની સંડોવણી છે કે કેમ? તેમજ તેની પાસે આ સિવાય બીજા કોઈ હથિયારો છે કે કેમ? તેમજ આ મળી આવેલ હથિયારો મારફતે કોઈ ગુનો આચરેલ છે કે કેમ? તે દિશામાં સઘન પુછપરછ તપાસ ચાલું છે.

## <u>ગાડીઓના કાચ તોડી ચોરી કરતી ગેંગના સાગરિત ને મુદ્દામાલ સાથે એક ઇસમને ઝડપી પાડી ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ</u>

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી જે.કે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી દીપન ભદ્રન ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સપેકટર શ્રી બી.ડી.જાડેજા એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ મીલકત સંબધી બનેલ ગુના શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડવા આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં પોસઇ શ્રી વી.એચ.જાડેજા તથા પોસઇ શ્રી પી.બી.દેસાઇ તથા પોસઇ શ્રી સી.બી.ગામીત નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન મ.સ.ઇ. નરેન્દ્રસિંહ વજેસિંહ તથા હે.કો. જયેન્દ્રસિંહ વિક્રમસિંહ નાઓની સંયુક્ત બાતમી હકીક્ત આધારે મેધાણીનગર રામેશ્વર ચાર રસ્તા ખાતેથી આરોપી અજય ઉર્ફે મોટીયો s/o દશરથભાઇ ભોગેકર ઉવ.૨૫ ધંધોઃમજુરી રહે, ફી કોલોની પાણીની ટાંકી પાસે, શાંઇ બાબા ના મંદિરની બાજુમાં, કુબેરનગર, સરદારનગર, અમદાવાદ શહેર નો મળી આવેલ. જેની અંગઝડતીમાંથી ભારતીય ચલણની રૂ.૧૦૦૦/-



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

ના દરની નોટ નંગ-૦૭ તથા રૂ.૫૦૦/- ના દરની નોટ નંગ-૧૫ તથા રૂ.૧૦૦/- ના દરની નોટ નંગ-૧ તથા રૂ.૨૦/- ના દરની નોટ નંગ-૦૧ ની મળી કુલ્લે રૂ.૧૪,૬૨૦/- મળી આવેલ.

જે બાબતે પુછપરછ કરતા આશરે એકાદ મહીના પહેલા આરોપી અજય ઉર્ફે મોટીયો તેના મિત્ર વીશાલ તથા નીલેશ તથા કાળો સાથે મળી ચારેય જણાં બે અલગ અલગ એક્ટીવા ઉપર સોલા વિસ્તાર ગોતા તળાવ ફાટક બાજુ ગયેલ અને બપોરના આશરે સવા ચારેક વાગેના સુમારે એક સ્વીફટ કાર પડેલ હતી જે ગાડીની પાછળના દરવાજાનો કાચ ડીસમીસથી તોડી નાંખી રૂ.૫,૦૦,૦૦૦/- ભરેલી મરુન કલરની લેધરની બેગની ચોરી કરી ભાગી ગયેલ હતા. જે બાબતે દાખલ થયેલ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.ન.૮૮/૨૦૧૬ ઇપીકો ૩૭૯, ૪૬૧ મુજબના ગુનાના કામે સદરી આરોપીને આજરોજ તા.૧૩/૦૬/૨૦૧૬ ના રોજ સી.આર.પી.સી. કલમ ૪૧(૧)ડી મુજબના કામે પકડી અટક કરી રૂ.૧૪,૬૨૦/- નો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે.

સદરી પકડાયેલ આરોપી અજય ઉર્ફે મોટીયો તથા સહ આરોપી નિલેશ ઉર્ફે લીલીયો કુતીયા છારા નીચે મુજબના ગુનામાં અગાઉ પકડાયેલ છે.

1. આરોપી અજય ઉર્ફે મોટીયો ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૨૯૭/૨૦૦૯ ધી ઇપીકો કલમ ૩૭૯, ૪૬૧, ૧૧૪ મુજબના કારના કાચ તોડી કારમાં મુકેલ લેપટોપ કિ.રૂ.૩૦,૦૦૦/- તથા બીજી ચીજવસ્તુઓની ચોરીના ગુનામાં પકડાયેલ.
2. નિલેશ ઉર્ફે લીલીયો કુતીયા છારા નો નરોડા પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૬૪૨/૨૦૧૪ ધી ઇપીકો કલમ ૩૭૯ મુજબના ઓટૉરિક્ષામાં આવી બકરાની ચોરી કરવાના ગુનામાં પકડાયેલ.
3. સરદારનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૨૯/૯૬ ધી ઇપીકો કલમ ૩૭૯, ૧૧૪ મુજબના પીક પોકેટીંગ/ ખિસ્સા ચોરીના ગુનામાં પકડાયેલ.
4. સાબરમતી પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૫૩૧/૦૪ ધી ઇપીકો કલમ ૩૭૯, ૧૧૪ મુજબના બકરાની ચોરી કરવાના ગુનામાં પકડાયેલ.
5. સોલા હાઇકોર્ટ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૮૭/૧૦ ધી ઇપીકો કલમ ૩૯૨, ૧૧૪ મુજબના સરનામુ પુછવાના બહાને રોકડ રૂપિયાની થેલી ખેંચી લઈ મો.સા. ઉપર ભાગી જઈ લુંટના ગુનામાં પકડાયેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)